પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭ | ૨૯ માર્ચ, ૨૦૧૯, શુક્રવાર; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચોકીદાર કોઈથી ડરશે નહિ : મોદી

**અમારી સરકારે જમીનથી લઈને અંતરીક્ષ સુધી સર્જિકલ સ્ટ્રાઈક કરી : મોદી : લોકસભા ચૂંટણીના રણશિંગુ વચ્ચે મોદીએ પ્રચારની શરૂઆત કરી : એકબાજુ ચોકીદાર છે તો બીજી બાજુ દાગદાર લોકોની ભરમાર છે : પોતાના કામોના હિસાબ આપવાની શરૂઆત કરશે અને બીજાના હિસાબો પણ લેશે**



મેરઠ, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણી માટે રણશિંગુ ફુંકી ચુક્યું છે ત્યારે ઉત્તરપ્રદેશના મેરઠથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. મોીએ ઉત્તરાખંડ અને જમ્મુમાં પણ આક્રમક રેલી યોજી હતી. વડાપ્રધાને પોતાના ભાષણ દરમિયાન એકબાજુ પોતાની સરકારની પાંચ વર્ષની સિદ્ધિઓની વાત કરી હતી. સાથે સાથે સર્જિકલ સ્ટ્રાઈક, હવાઈ હુમલાનો ઉલ્લેખ કરીને સુરક્ષાનો મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, એકબાજુ મજબૂત ચોકીદાર છે જ્યારે બીજી બાજુ મહામિલાવટી લોકોની ટીમ છે જેમાં દાગદાર લોકોની ભરમાર રહેલી છે. મોદીએ પોતાની સરકારની વાત કરતા કહ્યું હતું કે, સર્જિકલ સ્ટ્રાઈકનું સાહસ પણ ચોકીદારની સરકારે કરીને બતાવ્યું છે. વન રેંક વન પેન્શનનું વચન પણ ચોકીદારે અદા કર્યુ છે. આ મામલો ૪૦ વર્ષથી અટવાયેલો હતો. તેમણે કહ્યું હતું કે, એકબાજુ નવા ભારતના સંસ્કાર છે. બીજી તરફ વંશવાદ અને ભ્રષ્ટાચાર છે. એકબાજુ દમદાર ચોકીદાર છે તો બીજી બાજુ ભ્રષ્ટ લોકોની ટીમ દેખાઈ રહી છે. તેમણે પ્રચંડ રેલીમાં પોતાના આક્રમક અંદાજમાં કહ્યું હતું કે પોતાના કામોના હિસાબ તેઓ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**રાજદમાં બળવાનો પ્રારંભ**

લોકસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે લાલુ પ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળમાં ધમાસણ ચાલુ છે. લાલુ યાદવના મોટા પુત્ર તેજપ્રસાદ યાદવે બળવાનો પ્રારંભ કરી દીધો છે. તેઓએ રાજદના વિદ્યાર્થી સંઘમાંથી રાજીનામુ આપી દીધુ છે.

**વેનેઝુએલાના ૯૧ ટકા વિસ્તારોમાં વીજળી ઠપ**

લેટીન અમેરિકન દેશ વેનેઝુએલા ફરીથી વીજળી સંકટનો સામનો કરી રહ્યો છે. દેશના ૯૧ ટકા વિસ્તારોમાં વીજળી નહી હોવાના કારણે સ્કૂલ, કોલેજ, કારખાનાઓ બંધ કરી દેવાયા છે. વીજળી સંકટથી પાણીના પંપ ઠપ થઈ જતા પાણી માટે પણ તરસવુ પડી રહ્યું છે.

**સમાજવાદી પાર્ટીના નેતાને મહિલા આયોગની નોટીસ**

દેશમાં ચૂંટણીજંગ જામી રહ્યો છે ત્યારે રાજનીતિજ્ઞો દ્વારા કરવામાં આવતા નિવેદનો વિવાદ ફેલાવી રહ્યા છે. જયાપ્રદા પર વિવાદીત ટીપ્પણી કરવા બદલ રાષ્ટ્રીય મહિલા આયોગ સમાજવાદી પાર્ટીના નેતા ફિરોજખાંનને નોટીસ મોકલી આપી છે.

**શત્રુઘ્નસિંહાની કોંગ્રેસમાં સામેલ થવાની તારીખ ટળી**

ભાજપના બાગી સાંસદ શત્રુઘ્નસિંહા હમણાં કોંગ્રેસમાં સામેલ નહી થાય. તેઓ ગુરૂવારે કોંગ્રેસમાં સામેલ થવાના હતા. હવે એવી ખબર આવી રહી છે કે તેઓ ૬ એપ્રિલે કોંગ્રેસમાં સામેલ થશે.

## દેના અને વિજયા બેંક હવે બેન્ક ઓફ બરોડામાં મર્જ

**પહેલી એપ્રિલથી મર્જર અમલી બની જશે : ગ્રાહકોને નવા એકાઉન્ટ નંબર-કસ્ટમર આઈડી અપાશે**




નવી દિલ્હી, તા. ૨૮

બેંક ઓફ બરોડા અને દેના બેંક તથા વિજ્યા બેંકનું મર્જર થવા જઈ રહ્યું છે. બેંક ઓફ બરોડામાં દેના બેંક અને વિજ્યા બેંકનું મર્જર પહેલી એપ્રિલથી અમલી બની જશે. એટલે કે દેના બેંક અને વિજ્યા બેંકના ગ્રાહકોના ખાતા હવે બેંક ઓફ બરોડામાં ટ્રાન્સફર થઈ જશે. બેંક ઓફ બરોડાના નિર્દેશક મંડળે વિજ્યા બેંક અને દેના બેંકના શેર ધારકોને બેંક ઓફ બરોડાના ઈક્વિટી શેર જારી કરવા અને ફાળવણી કરવા માટે રેકોર્ડ તારીખ ૧૧મી માર્ચ નક્કી કરી હતી. મર્જરની યોજના હેઠળ વિજ્યાબેંકના શેર ધારકોને પ્રત્યેક ૧૦૦૦ શેર પર બેંક ઓફ બરોડાના ૪૦૨ શેર મળશે. આવી જ રીતે દેના બેંકના શેર ધારકોને ૪૦૨ ઈક્વિટી શેર આપવામાં આવશે. આવી જ રીતે દેના બેંકના શેર ધારકોને દરેક એક હજાર શેર પર બેંક ઓફ બરોડાના ૧૧૦ શેર આપવામાં આવશે. મર્જર થયા બાદ બેંક ઓફ બરોડા દેશની ચોથી સોથી મોટી બેંક બની જશે. હાલમાં ૪૫.૮૫ લાખ કરોડ રૂપિયાના કારોબાર સાથે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પ્રથમ અને ૧૫.૮ લાખ કરોડ રૂપિયાની સાથે એચડીએફસી બીજા અને ૧૧.૦૨ લાખ કરોડ રૂપિયાની સાથે આઈસીઆઈસીઆઈ બેંક ત્રીજા સ્થાન ઉપર છે.

# મસૂદ પર પ્રતિબંધ માટે અમેરિકાનો નવો પ્રસ્તાવ

**મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવા અમેરિકા, ફ્રાંસ અને બ્રિટનની કવાયત પાખંડી ચીનનો મુસલમાનો પર શરમજનક અત્યાચાર અને આતંકીઓનો બચાવ : અમેરિકા**

યુએન,તા.૨૮

પુલવામા આતંકી હુમલાના ગુનેગાર અને જૈશ-એ-મોહમ્મદના સરગના મૌલાના મસૂદ અઝહરને ગ્લોબલ આતંકી જાહેર કરવામાં ભારતના મિશનને સફળતા મળી શકે છે. ચીન દ્વારા સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં અડંગા લગાવ્યા બાદ હવે અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટનના ખુદ આગળ વધીને તેના પર કામ કરવાનું નક્કી કર્યુ છે. આ ત્રણેય દેશો એ હવે ચીનને પાછળ છોડી બીજા સભ્ય દેશોથી પ્રસ્તાવ પર વાત કરશે અને સમિતિ પર દબાણ બનાવશે. આ સિવાય અમેરિકન વિદેશ મંત્રી એ ચીનના બેવડા વલણને લઈ ખખડાવ્યું છે.

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ૧૪ ફેબ્રુઆરીના રોજ થયેલા આતંકી હુમલા બાદ આખી દુનિયાએ ભારતનું સમર્થન કર્યું હતું. ત્યારે અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને જ UNSCમાં મસૂદ અઝહરની વિરૂદ્ધ પ્રસ્તાવ લાવવાની પહેલ કરી હતી. પરંતુ ચીનના અડિંગાના લીધે એ સફળ થઈ શકયું નહોતું.

હવે ફરી એક વખત ત્રણેય દેશ પ્રસ્તાવના ડ્રાફટને આગળ વધારી રહી છે. આ પ્રસ્તાવ UNSCના તમામ ૧૫ સભ્યોને આપ્યા છે અને સહમતિ બનાવાની કોશિષ કરાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં પાંચ ખૂંખાર આતંકવાદીઓ ઠાર

**સુરક્ષા દળોએ સફળ ઓપરેશન પાર પાડ્યું : માર્યા ગયેલા આતંકવાદીઓ હિઝબુલ અને લશ્કરે તોઇબા સાથે જોડાયેલા હતા**

શ્રીનગર,તા. ૨૮

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓનો ખાત્મો બોલાવવાનો દોર જારી રહ્યો છે. સુરક્ષા દળોને આજે વધુ મોટી સફળતા મળી હતી. છેલ્લા ૨૪ કલાકમાં સુરક્ષા દળોએ સંયુક્ત ઓપરેશન પાર પાડીને પાંચ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. માર્યા ગયેલા આતંકવાદીઓ હિઝબુલ મુઝાહિદીન અને લશ્કરે તોઈબાના હોવાનું જાણવા મળ્યું છે. દક્ષિણ કાશ્મીર જિલ્લાના કેલ્લાર વિસ્તારમાં અથડામમ થઈ હતી. આજે સવારે આ અથડામણ પૂર્ણ થઈ હતી. સીઆરપીએફ, સેના અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. માર્યા ગયેલા આતંકવાદીઓ પૈકીના ત્રણ ાતંકવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં સજ્જાદ ખાંડે, અકીબ અહેમદ અને બસરત અહેમદનો સમાવેશ થાય છે. આ ત્રણેય પુલવામાના નિવાસી હતી. આ ત્રાસવાદીઓ સુરક્ષા દળો અને નાગરિકો ઉપર હુમલા સહિત અનેક હુમલામાં સામેલ હતા. અહેમદ મીર અનેક હુમલા અને ગુનાઓમાં સામેલ રહ્યો છે. તમામ પાસેથી ઘાતક હથિયારો મળી આવ્યા છે. એક અથડામણ સોપિયનમાં અને બીજી અથડામણ કુંપવારામાં હેન્ડવારામાં થઈ હતી. જમ્મુ કાશ્મીરમાં શોપિયનમાં ભીષણ અથડામણમાં ત્રણ ત્રાસવાદીઓ ઠાર મારી દેવામાં આવ્યા છે. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા છે ક્ષણ ત્રાસવાદી સહિત છેલ્લા ૨૪ કલાકમાં પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે હજુ માત્ર ત્રણ મહિનાના ગાળામાં જ ૫૦થી વધારે કુખ્યાત ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે.

# ન્યૂનત્તમ આવક યોજનાથી દેશની અર્થવ્યવસ્થામાં પ્રાણ ફૂંકાશે : રાહુલ

**નોટબંધી-જીએસટીથી લોકો ગરીબીરેખા નીચે પહોંચ્યા છે : મોદીએ ડિમોનિટાઇઝ કરીને લોકો પાસેથી આંચકી લીધેલ પૈસાને અમે રિમોનિટાઇઝ કરીને પરત આપીશું : રાહુલ**

નવીદિલ્હી, તા. ૨૮

કોંગ્રેસ પ્રમુખ રાહુલ



ગાંધીએ લઘુત્તમ આવક યોજનાના પોતાના વચનથી ભાજપ પરેશાન હોવાનો દાવો કરતા આજે કહ્યું હતુ કે, તેમની પાર્ટીની સરકાર બન્યા બાદ અર્થવ્યવસ્થામાં ફરીથી નવા પ્રાણ ફૂંકવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, મોદીએ તેમના શાસનકાળમાં ડિમોનિટાઈઝ કરીને લોકોનેહેરાન કર્યા હતા પરંતુ અમે રિમોનિટાઈઝ કરીશું. ગાંધીએ ૧૧મી એપ્રિલથી શરૂ થઈ રહેલી ૧૭મી લોકસભા ચૂંટણી પહેલા એક સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, ન્યાયિક યોજનાનો હેતું દેશના ૨૦ ટકા સૌથી ગરીબ લોકોને વર્ષમાં ૭૨૦૦૦ રૂપિયા આપવાનો રહેલો છે. સાથે સાથે બીજો હેતુ અર્થવ્યવસ્થાને પાટા ઉપર લાવવાનો પણ છે. મોદીએ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં નોટબંધી જેવા નિર્ણય અને જીએસટી જેવા નિર્ણયોના લીધે અર્થવ્યવસ્થાની હાલત ખરાબ કરી છે. અસંગઠિત ક્ષેત્રની હાલત કફોડી બની છે. તેમણે કહ્યું હતું કે સમાજના નિચલા સ્તરના ૨૦ટકા પરિવારોને લઘુત્તમ આવકની ગેરન્ટી આપવામાં આવી રહી છે. ડિમોનિટાઈઝ બાદ હવે રિમોનિટાઈઝ કરવામાં આવશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે, આ યોજનાનું નામ ન્યાય રાખવા પાછળ પણ એક કારણ રહેલું છે. મોદીએ છેલ્લા પાંચ વર્ષમાં ગરીબો પાસેથી માત્ર આંચકી લેવાનું કામ કર્યુ છે. ખેડૂતો પાસેથી આંચકી લેવામાં આવ્યા છે. નાના અને મધ્યમ ખેડૂતો પાસેથી પણ નાણાં આંચકી લેવામાં આવ્યા છે. બેરોજગાર યુવાનો પાસેથી પણ કોઈ રકમ આંચકી લેવામાં આવી છે. માતાઓ અને બહેનોની રકમ આંચકી લીધી છે. અમે આ તમામ લોકોને તેમની રકમ પરત આપવા ઈચ્છીએ છીએ. આ વચન પણ લોકલક્ષી છે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, માત્ર

● અનુસંધાન પાન-૭ પર




-: સેમિનાર :-

ધોરણ-૧૦ પછી વિજ્ઞાનપ્રવાહ (અંગ્રેજી / ગુજરાતી માધ્યમ) માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને મૂંઝવતા પ્રશ્નો જેવા કે.....

(1) કયું ગ્રુપ લેવું ? A OR B OR AB, (2) Board સાથે JEE/NEET/GUJCET ની તૈયારી કેવી રીતે કરવી ? (3) ભણવાની સાથે-સાથે Reading અને Practice નું Management કઈ રીતે કરવું ?

ઉપરોક્ત તમામ પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન માટે સેમિનાર તારીખ 31/03/19 તથા તારીખ 07/04/19 ના રોજ, સવારે 10 થી 12 દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે. તો ઈચ્છુક વાલી અને વિદ્યાર્થીઓ જે તારીખે સેમિનારમાં હાજર રહેવા માંગતા હોય તે માટેનું Registration તારીખ 30/03/19 સુધીમાં નીચેના ફોન નંબર ઉપર કરાવવું જરૂરી છે.

નોંધ :- બેઠક વ્યવસ્થાની જોગવાઈ હશે ત્યાં સુધી જ Registration ચાલુ રહેશે.

For Registration : 7623871647, 7069814797










